# જેક્વારે રૂ. 100 કરોડમાં યુરો સેનેટરીના કચ્છ એકમો ખરીદ્યા

અમદાવાદ | બાથરૂમ ફિટિંગ્સ ઉત્પાદન કરતા જેક્વાર ગ્રૂપે રૂ. 100 કરોડમાં કચ્છ સ્થિત યુરો સિરામિક્સના ઉત્પાદન એકમો અને અસ્કયામતો ખરીદી લીધા છે. 17 એકર વિસ્તારમાં પથરાયેલો આ પ્લાન્ટ એશિયાના સૌથી આધુનિક સેનેટરીવેર ઉત્પાદન એકમ પૈકી એક ગણાય છે. આ સોદા સાથે જેક્વાર ગ્રૂપ ભારતમાં પાંચ પ્લાન્ટ્સ અને સાઉથ કોરિયામાં એક પ્લાન્ટ ધરવતું થયું છે. આ અંગે ગ્રૂપના પ્રમોટર-ડિરેક્ટર રાજેશ મહેરાએ જણાવ્યું કે, આ પ્લાન્ટમાં અમે વધુ રૂ. 75-80 કરોડું રોકાણ કરીને ટેક્નોલોજી અપગ્રેડેશન કરીને ઉત્પાદન ક્ષમતા 12 લાખ નંગથી વધારી 18 લાખ નંગની કરવાની નેમ ધરાવીએ છીએ. 2017-18ના વર્ષમાં ટર્નઓવર રૂ. 2750 કરોડથી વધી રૂ. 3500 કરોડ સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. ભચાઉ પ્લાન્ટ ઈટાલીની સાકમી કંપનીની અત્યાધુનિક ટેક્નોલોજી મદદથી તૈયાર કરાયેલો છે. તેના કારણે કંપની હાલમાં 40 દેશોમાં નિકાસો ધરાવે છે તે સંખ્યા વધી વર્ષાન્ત સુધીમાં 50ની થઈ જવાની ધારણા છે.